# મહિલાઓને સશક્ત કરવાની વાત કરનાર

# રોઝડ ગામની મહિલા સાથે સાબરકાંઠા-ગાંધીનગર જીલ્લા પોલીસ દ્વારા વિલન જેવું કૃત્ય

## ગુજરાત પોલીસે કરી બિહારવાળી : ઉડાડી દીધા કાયદાના લીરેલીરા : કોર્ટના આદેશોની પણ કરી દીધી ઐસી કી તૈસી : નારી સુરક્ષા નામે કર્યુ રાવણ જેવું કૃત્ય

મોડાસા, તા.૨૯

ગુજરાતમાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે આનંદીબેને શપથ લીધા છે અને આનંદીબહેન ધ્વારા રાજયમાં મહિલાઓને સશકત કરવા માટે સ્ત્રી સશકિતકરણ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે લોકોની સુરક્ષા કરવાની જેના શીરે જવાબદારી છે તેવી પોલસી ધ્વારા જ કાયદાની ઐસી કી તૈસી કરી ને રોઝ૯ ની મહિલા સાથે કર્યુ વિલન જેવુ કામ પ્રજા મિત્રના નામે લોકોમાં અલગ છાણ ઉપસાવવા માટે પ્રયત્ન કરતી ગુજરાત પોલીસ હવે કરવા માંડી છે. પોતાની મનમાની....અને આ મનમાનીનો ભોગ બની છે તલોદ તાલુકાના રોઝડ ગામની એક પરણિતા સ્ત્રી સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકામાં આવેલ રોઝડ ગામે ગઈ તા. ૨૮ના રોજ રાત્રે ૯ વાગ્યાના બાદ ગાંધીનગર જીલ્લાની માણસા પોલીસ સ્ટેશનના પી.આઈ. માનપરા પોતાના સ્ટાફ સાથે પહોચી ગયા અને શરૂ કરી દીધી દબંગાઈ. રોઝડમાં રહેતા દિપસિંહની પત્નીને કોઈપણ કારણ વગર હાથ પકડીને બેસાડી દિધા પોલીસની ગાડીમાં જો કે જયારે આ બાબતે આશાબેનના પતિ દિપસિહે વિરોધ કર્યો તો પોલીસે બતાવી પોતાની ઓકાત અને આ લોકોના વિરોધ વચ્ચે ઉઠાવી ગયા આશાબેન ને... કોઈપણ કારણ વગર.

આશાબેનને પોલીસે ઉઠાવી લેતા ગભરાયેલા પરિવારે છેલ્લે આ વિસ્તારના જીલ્લા પંચાયતના સદસ્ય નરેન્દ્રભાઈ પટેલનો સંપર્ક કર્યો. તેમણે પી.આઈ.ના વીઝીટીંગ કાર્ડ પરથી પી.આઈ. માનપરાને નંબર લઈને ફોન કર્યો તો પી.આઈ.એ તેમનો રોફ દબાવતા નરેન્દ્રભાઈને પણ દબાવવવાનો પ્રયત્ન કર્યો હતો પણ છેલ્લે પી.આઈ.ને પણ કાયદો બતાવતા અંતે પી.આઈ. માનપરા ગભરાયા અને માત્ર ને માત્ર એક જ કોન્સટેબલને ગાડી લઈને મોકલી દિધો પાછો માણસાથી આશાબેનને રોઢડ પરત મુકવા. આમ જોવા જઈએ તો કાયદો કહે છે કે પહેલા તો સુપ્રીમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ કોઈ પણ મહિલાની રાત્રીના સમય દરમ્યાન ધરપકડ ના થઈ શકે. જો કે અહી આશાબેનના અપહરણ જેવુ કૃત્ય કર્યુ પોલીસે રાત્રે ૯ વાગ્યા પછી મહિલાને ધરપકડ વખતે મહિલા પોલીસ જ મહિલાને પકડીને ગાડીમાં બેસાડી શકે. અહિયા પી.આઈ.એ હાથ પકડીને આશાબેનને ગાડીમાં બેસાડી દિધા. કોઈ બીજા જીલ્લામાંથી કોઈ પણ વ્યકતીની ધરપકડ કરવાની હોય તો તે વીસ્તારના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી ત્યાંના એક કોન્સટેબલને પાસે રાખવો પડે અને તે વિસ્તારના પોલીસ સ્ટેશનની સ્ટેશન ડાયરીમાં તેની નોધ પાડવી પડે. પરંતુ અહિયા કાયદાને જાણે ધોળી ને પી ગયા હોય તેમ આવી કોઈ કાર્યવાહી કરેલ નથી અને તલોદ પોલીસ આ વાતથી તદન અજાણ જ છે. માણસા પોલસી ધ્વારા આ મહિલાને લઈ જવાઈ તો તેના જામીન લેવડાવા પડે. જયારે અહી છેલ્લે ગભરાયેલી પોલીસે ૨૦ કલાક બાદ મહિલાને જામીન લેવડાવ્યા વગર પરત મુકી ગઈ.

હાઈકોર્ટ અને સુપ્રીમકોર્ટના આદેશોને માણસા પોલીસે લીરેલીરા ઉડાવી દિધા છે. તો છેલ્લે પોલીસની દબંગાઈથી ગભરાયેલા આ પરિવારે સાબરકાંઠા જીલ્લાના એસ.પી પ્રવિણ માલ ગાંધીનગર એસ.પી. ડી.જી સહિતનાને આ બાબતે ફેકસ કરી જાણ કરી હોવા છતા આ બાબતે ૨૦ દિવસ જેટલો સમય વિતવા છતા પણ એસ.પી. કે ડી.જી.ઓફીસના પેટનુ પાણી ના હલ્યુ તો તલોદ પોલીસે પણ ફરીયાદ નથી લીધી આના પાછળનુ કારણ એક જ છે કે સામે પણ પોલીસ છે પોલીસ પ્રજાની નહિ પણ પોલીસ મિત્રનો રોલ અદા કરી રહી છે. આ મામલે સાબરકાંઠા એસ.પી.નો સંપર્ક સાધતા તેમણે જણાવ્યુ હતુ કે આવી કોઈ જ વાત તેમના ધ્યાન ઉપર આવી નથી. જયારે આ બાબતે દિપસિંહે રજીસ્ટર એડી. કરી ને ગાંધીનગર સાબરકાંઠા એસ.પી.તેમજ ડી.જી. ને જાણ કરી છે. ત્યારે આ સમગ્ર મામલે હવે માનવ અધિકાર પંચ માં લઈ જઈ ને ન્યાય મેળવવાની તૈયારીઓ ચાલી રહી છે તેમજ હાઈકોર્ટ માં પણ કેસ દાખલ કરવાની તજવીજ હાથ ધરાઈ છે. જયારે પોલીસ સ્ટેશન માં મે.આઈ હેલ્પ યુ નારી સુરક્ષા નારી સન્માન આ બધા શબ્દો ના પોલીસે છેદ ઉડાડી દિધો છે અરે સુપ્રિમ કોટ કે હાઈકોર્ટ ને પણ જાણે અહી અવગણવામાં આવી છે. ત્યારે હવે પોલીસ ની સામે પગલા લેવાની જગ્યાએ છાવરી રહી છે. એટલે હવે આ પરીવાર ને ન્યાય માટે નુ કિરણ તો માનવ અધિકાર પંચ તરફ જ દેખાઈ રહયુ છે. અને પંચે પણ આવા ખાખી વર્દી નો રોફ મારતાં પોલીસ ને તેમની હદ મર્યાદા બતાવવી જરૂરી છે.


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

### આંતરાષ્ટ્રીય માનવ અધિકારના ચેરપર્સન જયાબહેને પિડીતાની મુલાકાત લીધી



તા.૨૮ ના રોજ માણસા પોલીસ ધ્વારા સાબરકાંઠા જીલ્લા ના રોઝડ મુકામે રાત્રે ૯ વાગ્યા પછી વગર કારણ સર પોતાની વર્ધી નો રોફ બતાવી ૨૦ કલાક સુધી મહિલાને ડરાવીધમકાવી ગોધી રાખી અને સા.કા. જીલ્લા પંચાયત ના સદસ્ય એ દરમ્યાનગીરી કરતાં પોલીસે પુરુષ કોન્સટેબલ ને મોકલી મહિલાને ઘેર મુકી ગઈ આ બાબતે આ પડીત મહિલા ના પતિ ધ્વારા આંતરાષ્ટ્રીય માવ અધિકાર માં રજુઆત કરતાં ગુજરાત ના ચેરપર્સન જયા બહેને આ પડિત મહિલા ની મુલાકાત લિધી હતી અને આ સમગ્ર મામલાને મહિલા આયોગ સામે મુકવની ખાત્રી આપી હતી.

### જીલ્લા પંચાયત સદસ્ય નરેન્દ્ર પટેલ શું કહે છે ?



તા.૨૮ ના રોજ માણસા પોલીસ ધ્વારા સાબરકાંઠા જીલ્લા ના રોઝડ મુકામે રાત્રે ૯ વાગ્યા પછી વગર કારણ સર પોતાની વર્ધી નો રોફ બતાવી ૨૦ કલાક સુધી મહિલાને ડરાવીધમકાવી ગોધી રાખી આ બાબત ની મને જાણ થતાં મે તાત્કાલીક માણસા પી.આઈ ને ફોન કરી આ બાબતે રજુઆત કરી હતી ત્યારબાદ આ પોલીસે મહિલાને ઘરે મુકી ગઈ હતી આ બાબતે અમો એ સા.કા. જીલ્લા એસ.પી ગાંધીનગર જીલ્લા એસ.પી અને ડી.જી ને પણ ફેસક કરેલ છે પરંતુ આજ દિન સુધી કોઈ કાર્યવાહી ન કરાતાં હાઈકોર્ઠ માં કેસ દાખલ કરવાની તેમજ માનવઅધિકાર માં કેસ મુકવાની તઝવીઝ હાથ ધરી હતી.

# હિંમતનગરનું પાણપુર પાટીયા અસામાજીક તત્વોના હવાલે... !

**સાયકલ અડવાની નજીવી બાબતે લુખ્ખા તત્વોએ યુવાન પર જીવલેણ હુમલો કર્યો : યુવાનની સ્થિત નાજુક બનતા સારવાર માટે અમદાવાદ ખસેડાયો : અસામાજીક તત્વોના ત્રાસથી મુકિત અપવવા આ વિસ્તારના લોકો કલેકટર અને પોલીસવડાને આવેદન પત્ર આપશે.**


હિંમતનગર તા. ૨૯

સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગરને અડીને આવેલા પાણપુર પાટીયા વિસ્તારને જાણે કે અસામાજીક તત્વોએ બાનમાં લીધો હોય તેમ રોજ બરોજ નિર્દોષ વેપારીઓ અને આ વિસ્તારના રહિશો પર પર હુમલાના બનાવોએ લોકોની ઉંધ હરામ કરી દિધી છે. કેટલાક લુખ્ખા તત્વો બેખોફ બની નિર્દોષ લોકાને ધાક ધમકી આપી હેરાન પરેશાન કરતા હોવાની વ્યાપક બુમો ઉઠી છે ત્યારે જિલ્લા પેલીસવડા -વિણ માલે લુખ્ખા તત્વોને નાથવા અસરકારક કાર્યવાહી કરી લોકોને અસામાજીક તત્વોના ત્રાસથી છુટકારો અપાવવો જોઈએ તેવી લાગણી અને માંગણી ઉઠી છે. રવિવારે એક સામાન્ય સાયકલ અડવાની બાબતે કેટલાક લોકોએ એક નિર્દોષ યુવાન પર જીવલેણ હુમલો કરતા તેને સારવાર માટે હિંમતનગર સિવિલ હોસપિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયાં તેની સ્થિતિ નાજુક બનતા તાત્કાલિક અમદાવાદ ખાતે ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

બનાવની વિગત અનુસાર હિંમતનગર - વિજાપુર રોડ પર આવેલ પાણપુર પાટીયા પાસે રવિવારે સાંજે પાંચેક વાગ્યના સુમારે સાયકલ અડવાની બાબતે સામાન્ય બોલાચાલી થયા બાદ કેટલાક અસામાજીક તત્વોએ ભંગારનો છુટક વેપાર કરતા વારીસ સુબ્હાનભાઈ પઠાણ પર તૂટી પડ્યા હતા. હુમલામાં યુવાનને ગંભીર ઈજાઓ થતા તેને સારવાર માટે સિવિલ હોસપિટલ ખસેડવામં આવ્યો હતો જયાં તેની સ્થિતિ વધારે ખરાબ થતા વધુ સારવાર માટે અમદાવાદ લઈ જવામાં આવ્યો હતો.

છેલ્લા કેટલાક સમયથી પાણપુર પાટીયા અસામાજીક તત્વોનો અડ્ડો બની ગયો છે. પોલીસનો ખોફ રાખ્યા વગર લુખ્ખા તત્વો ખુલ્લે આમ મારામારી અને દાદાગીરી કરી નિર્દોષ વેપારીઓ અને -જાને રંઝાડતા હોવાની વ્યાપક ફરીયાદો ઉઠી રહી છે. આ વિસ્તારમાં મહિલા કોલેજ સેન્ટ ઝેવિર્યસ સ્કૂલ સહિત અનેક શૈક્ષણિક સંકુલો આવેલા છે ત્યારે જો પોલીસ ધ્વારા લુખ્ખા તત્વોને નશ્યત કરવામાં નહિ આવેતો મોટી અઘટીત ઘટના ઘટવાના સંકેતો જણાઈ રહ્યા છે. પાણપુર પાટીયા વિસ્તારમાં અસામાજીક તત્વોના ત્રાસથી છુટકારો અપાવવા માટે આ વિસ્તારના રહિશો અને વેપારીઓ જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસવડાને આવેદન પત્ર આપવાના હોવાનું જાણવા મળેલ છે.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

પોલીસનું સ્વચ્છતા અભિયાન સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર ખાતે જિલ્લા પોલીસવડા -વિણ માલ રાહબરીમાં સ્વચ્છતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે સોમવારે જિલ્લા પોલીસ વડાની સાથે નાયબ પોલીસ વડા જયોતિબેન પટેલ, ગુપ્તા, એલ.સીબી. પી.આઈ જે.એમ.આલ, એસઓજી પી.આઈ દેસાઈ, ટાઉન પી.આઈ વાટલીયા, બી.ડિવીઝન પી.એસ.આઈ દેસાઈ, ભરતભાઈ વોરા, રૂરલ પી.એસ. આઈ ગોહિલ સહિત પોલીસ અધિકારીઓ અને પોલીસકર્મીઓએ હાથમાં ઝાડુ લઈ શહેરને સ્વચ્છ બનાવવા સફાઈ કરી હતી. પોલીસના આ સફાઈ અભિયાનની સમગ્ર શહેરમાં -શંસા થઈ રહી છે.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

હિંમતનગરમાં નવરાતની ઉમંગભેર ઉજવર્ણી સાબરકાંઠા જિલ્લાના મુખ્યમથક હિંમતનગર સહિત સમગ્ર સાબરકાંઠા જિલ્લામાં નવરાતની ઉમંગભેર ઉજવણી થઈ રહી છે. રંગબેરંગી રોશનીથી સજ્જ માંડવળીઓમાં ભાતીગળ વસ્ત્રોમાં સજ્જ બની ખૈલયાઓ ગરબે ઘુમી રહ્ના છે. હિંમતનગર પોલીસ હેડરકવાર્ટસ ખાતે સુરક્ષા સેતુ સોસાયટી ધ્વારા સ્વચછતા રંગતાળી મહોત્સવનો આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરીજનો ઉમળાકાભેર ભાગ લઈ રહ્ના છે. હિંમતનગર સહિત જિલ્લાના જુદા જુદા મથકો પર નવરાતીની રંગત જામી રહી છે.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મા તાલુકાના વાલરણ નજીક કોસંબી નદી પરનું પુલીયુ ગત ચોમાસામાં ધોવાઈ ગયું છે. પરિણામે વાલરણ, દિધિયા, જાડીસિંબલ, સિસવલ્લા સહિતના આઠ જેટલા ગામોના રાહદારી અને વાહનચાલકોને ખેડબ્રહ્મા શહેર જોડે સંપર્ક કરવો મુશ્કેલ બન્યો છે. આ તમામ ગામોના રહિશોએ ખેડબ્રહ્મા સુધી પહોંચવા ગામથી ફરી ફરીને વીસ-ત્રીસ કિમીનું અંતર કાવા પડે છે. જેથી વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે.

# અરવલ્લીમાં ખેડૂતો કપાસના પાકમાં સુકારાના ઉપદ્રવથી ચિંતાતુર

મોડાસા, તા. ૨૯

અરવલ્લી જિલ્લામાં મોચાસુ ખેતી કરતા ખેડૂતોની પાછલા વરસાદે અને હાલના સૂકારાના ઉપદ્રવને લીધે હાલત કફોડી બની છે. અરવલ્લી જિલ્લા સહિત અજયભરમાં એક માસ મોડો વરસાદ થતા ખેડૂતો ચિંતિત બન્યા હતા. બાદમાં પાછોતરો વરસાદ સારો થતાં ખેડૂતોમાં આનંદનો માહોલ છવાયો હતો. પરંતુ સતત એકધારા પાછોતરા વરસાદને લીધે કૃષિ ક્ષેત્રે ચોમાસુ પાકને પ્રતિકૃળ અસર થતા વિવિધ પાકોમાં ઉત્પાદન પર મોટો ફટકો પડવાની આશંકા સેવાઈ રહી છે. જ્યારે જિલ્લામાં ખેડૂતોએ ૬૦ હજાર હેકટરથી પણ વધુ જમીનમાં કપાસનું વાવેતર કર્યુ છે ત્યારે કપાસમાં સૂકારાના ઉપદ્રવને લીધે કપાસનો પાક નાશ થવા પામ્યો છે. જેથી ખેડૂતોને બેહાલ થવાનો વારો આવ્યો છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

# પ્રાંતિજના એક મકાનમાં ટ્રક ઘુસી

પ્રાંતિજ, તા. ૨૯

પ્રાંતિજના રેલ-વે સ્ટેશન વિસ્તારમાં વહેલી સવારે કપચી ભરેલી ટ્રકના ચાલકે બેફામ રીતે ટ્રક ચલાવી ટ્રક મકાનમાં ઘુસાડી દેતા નાશભાગ મચી જવા પામી હતી. જો કે આ ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

પ્રાંતિજમાં કોર્ટ સંકુલ સામે સ્થિત રહેણાંક વિસ્તારમાં આજે સવારે વડાગામ તરફથી કપચી ભરીને ટ્રક નં. જીજે-૨-વીવી-૧૭૪૪ લઈ ટ્રક ચાલક પુરપાટ ઝડપે આવી રહ્યો હતો. દરમિયાન ટ્રક ચાલકે ટ્રક પરનો કાબુ ગુમાવતા માર્ગની સાઈટમાં સ્થિત બે કેબીનને અડફેટે લીધા હતા અને બાદમાં આખી ટ્રક મકાનની દિવાલ તોડી મકાનમાં ઘુસી ગઈ હતી. જો કે આ અકસ્માતમાં કોઈ મોટી જાનહાની થવા પામી નથી. પોલીસે આ મામલે મકાન માલિકની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦